# ધ કોડ- ધારો

ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટે

# વિષય સૂચિ


પ્રસ્તાવના..........2

સામાન્ય સિધ્ધાંતો..........3

કાનૂની કાર્યવાહી કરવી કે નહિ તેનો નિર્ણય.......... 5

નિયમ- ધારાની સંપૂર્ણ કસોટી..........7

સીમાંત (થ્રેશોલ્ડ) કસોટી.......... 14

આરોપ કે તહોમતની પસંદગી.......... 17

અદાલતની - બહાર નિકાલ કરવો.......... 18

અદાલત કે કોર્ટનું સ્થળ.......... 19

અપરાધના કથન કે દલીલનો સ્વીકાર .......... 20

પ્રોસિકયૂશનના નિર્ણયની ફેરવિચારણા.......... 22

# પ્રસ્તાવના

1.1. 1985 ના પ્રોસિકયૂશન ઓફ ઓફેન્સ એકટની *(ગુનાની સજા વિષેની)* કલમ10 હેઠળ પબ્લિક પ્રોસિકયૂશન્સના ડિરેકટર (DPP) દ્વારા ક્રાઉન પ્રોસિકયૂટર્સના કોડ (the Code) બહાર પાડેલ છે. કોડની આ આઠમી આવૃતિ છે અને અગાઉના બધાજ વૃતાંતોના સ્થાને આવે છે.

1.2. ક્રાઉન પ્રોસિકયૂશન સર્વિસ (CPS) ના હેડ The DPP છે, કે જે ઈંગ્લેન્ડ અને વેલ્સ માટેની મુખ્ય પબ્લિક પ્રોસિકયૂશન સર્વિસ છે. એટર્નિ જનરલના સંચાલન હેઠળ DPP સ્વતંત્ર રીતે કાર્ય કરે છે, કે જેઓ CPS ના કાર્ય માટે પાર્લમેન્ટને જવાબદાર છે.

1.3. કાનૂની કાર્યવાહી વિષે નિર્ણય કરતી વખતે લાગુ પડતા સામાન્ય સિધ્ધાંતો વિષે કોડ પ્રોસિકયૂટર્સને માર્ગદર્શન આપે છે. CPS માં પ્રોસિકયૂટર્સ માટે આ કોડ અસલમાં ઈશ્યૂ થાય છે પણ બીજા પ્રોસિકયૂટર્સ કાંતો પ્રણાલિકા દ્વારા કોડને અનુસરે છે, અથવા તેમ કરવાનું કારણ તેઓને કાનૂન દ્વારા આવશ્યક હોય છે.

1.4. આ કોડમાં:

- "શંકાસ્પદ" નો ઉપયોગ વ્યક્તિ કે જેઓ વિધિસરની ફોજદારી કાર્યવાહીની બાબત તરીકેની વિચારણા હેઠળ હોય તેનું વર્ણન કરવામાં આવે છે;
- "પ્રતિવાદીનો" ઉપયોગ વ્યક્તિ કે જેઓ ચાર્જ થયેલ અથવા કોર્ટમાં હાજર રહેવાના હુકમનું વર્ણન કરે છે;
- "ગુનેગારનો" ઉપયોગ વ્યક્તિ કે જેઓએ ગુનો કરવાના અપરાધ તરીકે ગુનાનો સ્વીકાર કર્યો હોય અથવા જેઓને અદાલતે ગુનેગાર નકકી કરેલ હોય.
- "ભોગ બનેલ" નો ઉપયોગ વ્યક્તિ કે જેઓની વિરુધ્ધ ગુનો કરવામાં આવેલ હોય, અથવા કેસમાં ફરિયાદી તરીકે વિચારણા કરવામાં આવતી હોય અથવા CPS.દ્વારા કાનૂની કાર્યવાહીનું વર્ણન કરતી હોય.

## સામાન્ય સિધ્ધાંતો

2.1. લોકશાહી સમાજમાં ફોજદારી ન્યાય પધ્ધતિમાં પ્રોસિક્યૂટરની નિષ્પક્ષતા મુખ્ય હોય છે. પ્રોસિક્યૂટર્સ (ફરિયાદ ચલાવનાર) વ્યક્તિઓ અથવા એજન્સિઓથી સ્વતંત્ર હોય છે કે જેઓ ફરિયાદ કરવાના નિર્ણયની કાર્યવાહીના ભાગ નથી. CPS પ્રોસિક્યૂટર્સ પણ પોલિસ અને બીજા તપાસ કરનારાઓથી સ્વતંત્ર હોય છે. પ્રોસિક્યૂટર્સ તેઓની ધંધાધારી (પ્રફેશનલ) ફરજો બજાવવામાં રાજકીય દરમિયાનગીરીથી અથવા અવશ્ય કોઈ પણ સ્ત્રોતના પ્રભાવ અથવા અનુચિત દબાણ અને અયોગ્ય અસર વગર અવશ્ય મુકત હોવા જોઈએ.

2.2. કોઈ એક વ્યક્તિ ફોજદારી ગુનાના અપરાધી છે કે નહિ તેનો નિર્ણય કરવાનું CPS નું કર્તવ્ય નથી, પણ આકારણી કરવી કે ક્રિમિનલ કોર્ટને વિચારણા કરવા માટે તહોમત લગાવવા (ચાર્જીસ)કરવા વિષે યોગ્ય છે કે નહિ. કોઈ પણ કેસની CPS આકારણી કોઈ પણ અર્થમાં તારવણી, અથવા ફોજદારી આચરણ અથવા કોઈ પણ ગુનાનો આશય નકકી કરવાની હોતી નથી. ગુનાની તારવણી ફકત અદાલત જ નકકી કરી શકે.

2.3. તેવીજ રીતે, ફોજદારી તહોમત નહિ મૂકવાના નિર્ણયનો જરૂરી અર્થ એવો નથી કે વ્યક્તિ કોઈ ગુનાનો ભોગ બનેલ નથી. આવુ નિશ્ચિત કરવાની કંઈ CPS ની ભૂમિકા કે રોલ નથી.

2.4. કાનૂની કાર્યવાહી કરવાનો નિર્ણય અથવા અદાલત બહાર નિકાલ કરવાની ભલામણ એ મહત્વનું કદમ છે કે જે શંકાશીલ, ભોગ બનેલ, સાક્ષીઓ અને સમગ્ર જનતાને અસર કરે અને અનિવાર્યપણે અત્યંત કાળજીથી લેવો જોઈએ.

2.5. ખાતરી કરવાની એ પ્રોસિક્યૂટર્સની ફરજ છે કે યોગ્ય વ્યક્તિની યોગ્ય ગુના માટે પ્રોસિક્યૂટ (કાનૂની કાર્યવાહી) કરી અને જયાં શકય હોય ત્યાં સજા કરવામાં આવે. વાજબી, નિષ્પક્ષ અને ઈમાનદારી સાથે લેવામાં આવતા કેસવર્કના નિર્ણયો ભોગ બનેલાઓ, સાક્ષીઓ, શંકાસ્પદ વ્યક્તિઓ, પ્રતિવાદીઓ અને જાહેર જનતાને ન્યાય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. પ્રોસિક્યૂટર્સે અવશ્ય ખાતરી કરવી કે કાનૂનને યોગ્ય રીતે લાગુ પાડી, કોર્ટ સમક્ષ પ્રસ્તુત પુરાવા મૂકી અને જાહેર કરવાની જવાબદારીનું પાલન થાય છે.

2.6. જો કે દરેક કેસની વિચારણા તેની પોતાની હકીકત અને પોતાની યોગ્યતા ઉપર અનિવાર્યપણે કરવામાં આવે છે, છતાં પણ દરેક કેસમાં સામાન્ય સિધ્ધાંતો લાગુ પડે છે.

2.7. નિર્ણયો લેતી વખતે, પ્રોસિક્યૂટર્સ અવશ્ય ન્યાયી અને વસ્તુનિષ્ઠ હોવા જોઈએ. તેઓના નિર્ણયોમાં તેઓએ કોમી અથવા રાષ્ટ્રીય મુળભુત, જાતિ- લિંગ, ડિસબિલિટિ, ઉંમર, ધર્મ અથવા માન્યતા, જાતીય સંસ્કરણ અથવા શંકાશીલની ઓળખ, પ્રતિવાદી, ભોગ બનેલ અથવા કોઈ પણ સાક્ષીની અસર વિષે તેઓએ અવશ્ય કોઈ પણ વ્યક્તિગત વિચારો આપવા જોઈએ નહિ. તેઓ

રાજકીય વિચારણાઓ દ્વારા અવશ્ય પ્રેરિત હોવા જોઈએ નહિ. પ્રોસિકયૂટર્સે અવશ્ય હંમેશા ન્યાયના હિતમાં કાર્ય કરવું અને નહિકે ફકત ચુકાદો મેળવવાના ઈરાદા માટે.

2.8. ભોગ બનેલાઓને શકય હોય તેટલી શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાની સાથે, પ્રોસિકયૂટર્સે અવશ્ય દરેક કેસમાં તેઓનો સમાંતર અભિગમ આપી, અને શંકાસ્પદો અને પ્રતિવાદીઓના અધિકારોનું રક્ષણ કરવાની ફરજ હોય છે.

2.9. ચાલુ, લાગતાવળગતા સમાનતાના કાયદાના હેતુ માટે CPS એ કોઈ એક જાહેર સત્તા છે. આ કાયદામાં રહેલ ફરજો દ્વારા પ્રોસિકયૂટર્સ બંધાયેલા હોય છે.

2.10. કેસના દરેક તબકકે પ્રોસિકયૂટર્સે અવશ્ય 1998 ના હયૂમન રાઈટસ એકટ સાથે હયૂમન રાઈટસ ઉપરના યૂરપીઅન કન્વેન્શનના સિધ્ધાંતો લાગુ પાડવાના રહે છે. DPP ના વતી ઈશ્યૂ કરવામાં આવેલ CPS માર્ગદર્શન અને નીતિઓ સાથે અને એટર્નિ જનરલ દ્વારા બહાર પાડેલ કોઈ પણ માર્ગદર્શનોનું તેઓએ અવશ્ય પાલન કરવાનું રહે, સિવાયકે નિશ્ચિત હોય કે અપવાદરૂપ સંજોગો છે. CPS માર્ગદર્શનમાં નિશ્ચિત ગુનાઓ અને અપરાધીઓ માટે જાહેર હિતના ઘટકો કે કારણો અને વધારાના પુરાવાઓનો સમાવેશ હોય છે અને લોકો માટે CPS ની વેબસાઈટ ઉપર જોવા મળી રહે છે. પ્રોસિકયૂટર્સે અવશ્ય ગુનેગારની કાર્યવાહીના નિયમો અને ક્રિમિનલ પ્રેક્ટિસ ડાઈરેકશન્સનું અને સેન્ટેન્સિંગ કાઉન્સિલ ગાઈડલાઈન્સ સાથે ધ્યાન આપી (રિગાર્ડ) અને આંતરરાષ્ટ્રીય સંમેલનોમાંથી ઉપસ્થિત થતી જવાબદારીઓનું પાલન પણ અવશ્ય કરવું જોઈએ.

2.11. અમુક બીજા સરકારી ડિપાર્ટમ્ન્ટસ વતી CPS કાનૂની કાર્યવાહી કરે છે. આવા કિસ્સાઓમાં, પ્રોસિકયૂટર્સે આવા ડિપાર્ટમેન્ટસની પ્રસ્તુત નીતિઓના અમલ કરવા માટે ધ્યાન આપવું જોઈએ.

2.12. અમુક ગુનાઓની કાર્યવાહી કાંતો CPS દ્વારા અથવા ઈંગ્લેન્ડ અને વેલ્સના બીજા પ્રોસિકયૂટર્સ દ્વારા કરવામાં આવી શકે. આવા કેસીસમાં નિર્ણય કરતી વખતે, CPS પ્રોસિકયૂટર્સને જયાં તેઓના વિચાર પ્રમાણે યોગ્ય લાગે ત્યાં, કોઈ પણ લાગુ પડતો અમલ અથવા પ્રોસિકયૂશન નીતિ અથવા બીજા પ્રોસિકયૂટર્સનાકોડને ધ્યાનમાં લઇ શકે...

2.13. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં જયાં કાનૂન જુદો હોય ત્યાં પ્રોસિકયૂટર્સે અવશ્ય કોડને લાગુ પાડી અને કોઈ પણ પ્રસ્તુત નીતિ, માર્ગદર્શન અથવા ચાર્જીંગ ધોરણો પ્રત્યે ધ્યાન આપવું જોઈએ.

## કાર્યવાહી કરવી કે નહિ તેનો નિર્ણય

3.1. વધારે ગંભીર અથવા ગુંચવણવાળા કેસીસમાં, વ્યક્તિને ફોજદારી ગુના માટે ચાર્જ કરવા કે નહિ, અને, જો તેમ હોય તો, તે કયો ગુનો હોવો જોઈએ તેનો પ્રોસિક્યૂટર્સ નિર્ણય કરે છે. પ્રોસિક્યુશનના વિકલ્પમાં પ્રોસિક્યુટર્સ અદાલત બહાર નિકાલ કરવા અધિકૃતિ અથવા ધ્યાન આપી શકે. આ કોડની સાથે, DPP's ચાર્જીંગના માર્ગદર્શન અને કોઈ પણ પ્રસ્તુત કાનૂની માર્ગદર્શન અથવા નીતિ પ્રમાણે તેઓ તેમનો નિર્ણય કરે છે. વ્યક્તિ વિરુધ્ધ ફોજદારી કાર્યવાહી શરૂ કરવી કે નહિ કે જે કેસીસ માટે તેઓ જવાબદાર હોય તેનો નિર્ણય કરવામાં પોલિસ આવા સરખા સિધ્ધાંતો લાગુ પાડે છે.

3.2. પોલિસ અને બીજા તપાસ કરનારાઓ કોઈ પણ કહેવાતા ગુનાઓ માટે અને તેઓના સ્ત્રોતોની કેવી રીતે વ્યૂહરચના કરવી તે માટેના નિર્ણયની તપાસ કરવા માટે જવાબદાર હોય છે. તપાસ શરૂ કરવા અથવા ચાલુ રાખવા અને તપાસની મર્યાદાના નિર્ણયોનો આમાં સમાવેશ થાય છે. પ્રોસિક્યૂટર્સે પોલિસ અને બીજા તપાસ કરનારાઓને આવી શકય તપાસની વાજબી રૂપરેખા, પુરાવાની આવશ્યકતાઓ, ચાર્જ- પૂર્વની કાર્યવાહીઓ, જાહેરાતના પ્રબંધની અને એકંદરે તપાસની વ્યૂહરચના વિષે સલાહ આપવી જોઈએ. આવી ફોજદારી આચરણની મર્યાદા ઓછી કરવા અથવા સુધારવા અને તપાસ હેઠળ શંકાસ્પદ વ્યક્તિઓની સંખ્યાના નિર્ણયોનો સમાવેશ થઈ શકે. આવી સલાહ પોલિસ અને બીજા તપાસ કરનારાઓને વાજબી સમય ગાળામાં તપાસ પૂરી કરી અને સૌથી અસરકારક પ્રોસિકયૂશન કેસ તૈયાર કરવામાં મદદ કરી શકે.

3.3. પ્રોસિક્યૂટર્સ પોલિસ અથવા બીજા તપાસ કરનારાઓને માર્ગદર્શન આપી ન શકે. આમ છતાં પણ, સલાહભરી કોઈ પણ વાજબી લાઈનની તપાસ ચાલુ રાખવામાં કોઈ પણ નિષ્ફળતાની બાબતની અસર અથવા ફૂલ કોડ ટેસ્ટના વિનિયોગનો નિર્ણય કરવામાં માહિતીની માટે વિનંતીનો અમલ મુલતવી રાખવો કે નહિ, અથવા તપાસ સંતોષી શકાય કે નહિ તે પ્રત્યે પ્રોસિક્યૂટર્સે અવશ્ય ધ્યાન આપવું જોઈએ.

3.4. પ્રોસિક્યૂટર્સે નિશ્ચિત કરી અને જયાં શકય હોય ત્યાં, પુરાવાની ખામીને સુધારવી જોઈએ પણ (જૂઓ કલમ 5), થ્રેશોલ્ડ ટેસ્ટની શરતે, તેઓએ જે ફૂલ કોડના પુરાવાનો તબક્કો સંતોષતા ન હોય તેઓ કેસને જલદીથી બંધ કરી (જૂઓ કલમ 4) અને જે વધારાની તપાસથી મજબૂત કરી ન શકાય તેમ હોય, અથવા જયાં પ્રોસિકયૂશન માટે જાહેર હિતની સ્પષ્ટપણે જરૂરિયાત ન હોય (જૂઓ કલમ 4). જો કે પોલિસ અને બીજા તપાસ કરનારાઓ દ્વારા આપેલ માહિતી અને પુરાવાની પ્રોસિક્યૂટર્સે મુખ્યત્વે વિચારણા કરવી જોઈએ શંકાસ્પદ વ્યક્તિ અથવા તેઓના વતી કાર્ય કરનારાઓ પણ પ્રોસિક્યૂટર્સને પુરાવો અથવા માહિતી, ચાર્જ પહેલા અથવા પછી આપી, પ્રોસિક્યૂટર્સને નિર્ણય લેવામાં માહિતી આપી મદદરૂપ બની શકે. યોગ્ય કિસ્સાઓમાં, પ્રોસિક્યૂટર શંકાસ્પદ અથવા તેઓના પ્રતિનિધિને તેમ કરવા આમંત્રણ આપી શકે.

3.5. પ્રોસિક્યૂટર્સે પ્રોસિકયૂશન ચાલુ રાખી અથવા શરૂ કરવું ન જોઈએ કે જયાં તેઓના વિચાર મૂજબ તે વધારે પડતું બનવાજોગ લાગતુ હોય કે કોર્ટ એવો ચુકાદો આપે કે આવુ પ્રોસિકયૂશન કાર્યવાહીનો દુરુપયોગ છે, અને પ્રોસિડિંગ્સ મોકૂફ રાખી શકે.

3.6. પ્રોસિક્યૂટર્સ પોલિસ અથવા બીજા તપાસ કરનારાઓ તરફથી તેઓને મળતા દરેક કેસની સમીક્ષા કરે છે. રિવ્યૂ કે સમીક્ષા ચાલુ પ્રક્રિયા છે અને કેસના વિકાસથી સંજોગોમાં થતા કોઈ પણ ફેરફારોને પ્રોસિક્યૂટર્સે અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ. આમાં ડિફેન્સના કેસમાં શું માહિતી મળે છે, કોઈ પણ વધારે વાજબી લાઈનની તપાસ ચાલુ રાખવી અને ઉપયોગ નહિ કરાયેલ કોઈ પણ સામગ્રી કે જે કદાચ પ્રોસિકયૂશન કેસને નબળો પાડી શકે અથવા પ્રતિવાદીના કેસને એટલી હદ મદદ કરી શકે કે ચાર્જીસને બદલવા કે બંધ કરવા અથવા પ્રોસિકયૂશન આગળ વધવું જોઇએ કે નહિ. જો કેસને બંધ કરવામાં આવે તો, બંધ કરવાની પધ્ધતિ- પસંદગી કરવામાં ખ્યાલ રાખવો જોઈએ, કારણકે આવી વિક્ટિમ્સ રાઈટ ટૂ રિવ્યૂ સ્કીમ હેઠળ ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ (વિક્ટિમ)ની સ્થિતિને અસર કરી શકે. જયાં શકય હોય ત્યાં, પ્રોસિક્યૂટરે ચાર્જીસમાં ફેરફાર અથવા બંધ કરવાનો વિચાર કરતા તપાસ કરનાર સાથે સલાહમંત્રણા કરવી જોઈએ. પ્રોસિક્યૂટર્સ અને તપાસ કરનારાઓ ગાઢપૂર્વક ભેગામળીને કાર્ય કરે છે, પણ કેસને આગળ વધારવો કે નહિ તેની છેલ્લી જવાબદારીનો નિર્ણય CPS સાથે રહેલ છે.

3.7. પાર્લમેન્ટે નકકી કર્યુ કે DPP ની સંમતિ સાથે ફકત મર્યાદિત સંખ્યાના કેસને કોર્ટ- અદાલતમાં લઈ જવા. આવા કેસને કન્સેન્ટ કેસ કહેવામાં આવે છે. આવા કિસ્સાઓમાં DPP, અથવા તેઓના વતી કાર્ય કરનાર પ્રોસિક્યૂટર, પ્રોસિકયૂશનને સંમતિ આપવી કે નહિ તેનો કોડ લાગુ પાડવાનું નકકી કરે છે.

3.8. એવા ચોકકસ ગુનાઓ પણ હોય છે કે જે ફક્ત એટર્નિ જનરલની સંમતિથી કોર્ટમાં લઈ જઈ શકાય. એટર્નિ જનરલે જયારે આવા કોઈ પણ કેસીસનો ઉલ્લેખ કે રિફર કરતા પ્રોસિક્યૂટર્સે અવશ્ય ચાલુ માર્ગદર્શન અનુસરવા જોઈએ. અમુક ગુનાઓમાં પ્રોસિકયૂશન શરૂ કરતા પહેલાં સેક્રેટરિ ઓફ સ્ટેટની સંમતિની જરૂર રહે છે. આવો ચાર્જ કરતા પહેલાં પ્રોસિક્યૂટર્સે અવશ્ય સંમતિ મેળવી અને આવા કિસ્સાઓમાં પ્રસ્તુત માર્ગદર્શન લાગુ પાડવા જોઈએ. ઉપરાંતમાં, એટર્નિ જનરલને અમુક કિસ્સાઓમાં તેઓના CPS ના સંચાલનના ભાગ- અંશ તરીકે અવશ્ય માહિતી આપી અને તેના કાર્યો માટે પાર્લમેન્ટ જવાબદાર રહે છે.

# ધ ફૂલ ટેસ્ટ કોડ

4.1. જયારે કેસ ફૂલ ટેસ્ટ કોડના બન્ને તબકકાઓમાંથી પસાર થાય ત્યારેજ પ્રોસિકયૂટર અવશ્ય પ્રોસિકયૂશન શરૂ અથવા ચાલુ રાખી શકે. જયારે થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડવામાં આવે ત્યારેજ અપવાદ રહે છે (જૂઓ કલમ 5).

4.2. ફૂલ કોડ ટેસ્ટ બે તબકકાઓમાં હોય છેઃ (i) પુરાવાત્મક તબકકો; (ii) પબ્લિક હિતના તબકકાને અનુસરીને.

4.3. ધ ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવો જોઈએઃ

a) જયારે બધીજ બાકી રહેલ વાજબી લાઈન્સની તપાસ ચાલુ રાખવામાં આવેલ હોય; અથવા

b) તપાસ પૂર્ણ કરતા પહેલાં, જો પ્રોસિકયૂટરને સંતોષ થાય કે ફૂલ કોડ ટેસ્ટ કોડના વિનિયોગને કોઈ પણ વધારે પુરાવો અથવા સામગ્રી અસર કરી શકે તેમ નથી, પછી ભલે પ્રોસિકયૂશનની તરફેણ અથવા વિરુધ્ધમાં હોય.

4.4. પ્રોસિકયૂટ કરવા માટે પૂરતો પુરાવો છે કે નહિ તેનો વિચાર કર્યા બાદ મોટા ભાગના કિસ્સાઓમાં પ્રોસિકયૂટર્સે વિચાર કરવો જોઈએ કે પ્રોસિકયૂશન જાહેર હિતમાં છે કે નહિ. આમ છતાં પણ, એવા કિસ્સાઓ હશે કે બધાજ પુરાવાની સમીક્ષા પહેલાં એવુ સ્પષ્ટ હશે કે પ્રોસિકયૂશન જાહેર હિતમાં નથી. આવા કિસ્સાઓમાં, પ્રોસિકયૂટર્સ કદાચ નિર્ણય કરે કે કેસ આગળ વધવો જોઈએ નહિ.

4.5. પ્રોસિકયૂટર્સ ફકત આવો નિર્ણય ત્યારેજ કરી શકે કે જયારે તેઓને સંતોષ હોય કે ફોજદારીના બહોળા વિસ્તારને નિર્ધારિત કરેલ હોય અને તેઓ જાહેર જનતાના હિતમાં સંપૂર્ણ માહિતીવાળી આકારણી (અસેસમેન્ટ) કરી શકે તેમ છે. જો પ્રોસિકયૂટર્સ પાસે આવો નિર્ણય કરવા માટે પૂરતી માહિતી ન હોય તો, તપાસ ચાલુ રાખવી જોઈએ અને આ વિભાગમાં દર્શાવેલ ફૂલ કોડ ટેસ્ટ અનુસાર મોડેથી નિર્ણય લેવામાં આવે.

## પુરાવાત્મક તબકકો

4.6. દરેક ચાર્જના* દરેક શંકાસ્પદની વિરુધ્ધ ગુનાની સાબિતીની વાસ્તવિક અપેક્ષા પૂરી પાડવા માટે પૂરતો પુરાવો છે કે જેનો પ્રોસિકયૂટર્સને અવશ્ય સંતોષ હોય. તેઓએ બચાવ (ડિફેન્સ) કેસ કેવો હશે તેની અવશ્ય વિચારણા કરી, અને તેની ગુનાની સાબિતીની અપેક્ષાઓને અસર કરવાની કેવી રીતે સંભાવના રહે છે. જે કેસ પુરાવાત્મક તબકકો પસાર ન કરે, તે બાબત કેટલી ગંભીર અથવા સંવેદનશીલ કદાચ હોય તો અવશ્ય આગળ વધે નહિ.

4.7. પુરાવાની પ્રોસકયૂટરની લક્ષિત આકારણી ઉપર આધારિત ગુનાની સાબિતીની વાસ્તવિક અપેક્ષાની તારવણીમાં સમાવેશ થાય છે, કોઈ પણ બચાવની અસર અને બીજી કોઈ પણ માહિતી કે જે શંકાસ્પદ આગળ મૂકે અથવા જેના ઉપર તેઓ કદાચ આધાર રાખતા હોય. તેનો અર્થ એવો થાય કે કેસની સુનાવણી જજ એકલાજ કરતા હોય, અથવા મેજિસ્ટ્રેટની બેન્ચ લક્ષિત, નિષ્પક્ષ અને વાજબી જયૂરિ ઉચિત માર્ગદર્શન કરી અને કાનૂની  રીતે કાર્ય કરી, પ્રતિવાદીને કહેવામાં આવતા ચાર્જ માટે ગુનેગાર સિધ્ધ ના  કરી શકે. ફોજદારી અદાલતો જે તેઓ અવશ્ય લાગુ કરે છે તેનાથી આ એક જુદો ટેસ્ટ હોય છે. કોર્ટ ફકત જયારે ચોકકસ હોય તોજ પ્રતિવાદીને ગુનેગાર સિધ્ધ કરી શકે.

4.8. પ્રોસિકયૂટ કરવા માટે પૂરતો પુરાવો છે કે નહિ તેનો જયારે નિર્ણય કરે ત્યારે પ્રોસિકયૂટર્સે તેમને નીચેના પ્રશ્નો પૂછવાઃ

### આ  પુરાવાનો કોર્ટમાં ઉપયોગ કરી શકાય?

પ્રોસિકયૂટરે વિચારણા કરવી જોઈએ કે અમુક ચોકકસ પુરાવાનો સ્વીકાર કરતા કોઈ પ્રશ્ન હોઈ શકે કે નહિ. આવુ કરવામાં, પ્રોસિકયૂટર્સે આકારણી કરવી જોઈએઃ

- આવા પુરાવાનો કોર્ટ દ્વારા દાખલ ન કરી શકાય તેવી શકયતા, અને
- સમગ્ર પુરાવાની બાબતમાં તે પુરાવાની મહત્વતા.

### શું પુરાવો વિશ્વાસપાત્ર છે?

પ્રોસિકયૂટર્સે વિચાર કરવો જોઈએ કે આવા પુરાવાની વિશ્વાસનીયતા માટે શંકાના કોઈ કારણો છે કે નહિ જેમાં તેની સચ્ચાઈ અથવા ઈમાનદારીનો સમાવેશ હોય.

### શું પુરાવો ભરોસાપાત્ર  છે?

પ્રોસિકયૂટર્સે વિચારણા કરવી જોઈએ કે આવા પુરાવાના વિશ્વાસપાત્રની શંકાના કોઈ પણ કારણો છે કે નહિ.

### શું એવી કોઈ પણ બીજી બાબત છે કે જે પુરાવાના પર્યાપ્તને અસર કરી શકે?

આ તબકકે અને સમગ્ર કેસમાં પ્રોસિકયૂટર્સે અવશ્ય એવી વિચારણા કરવી જોઈએ કે પુરાવાના પર્યાપ્તાની આકારણીને અસર કરી શકે તેવી કોઈ મહત્વતા છે કે નહિ, કે જેમાં તપાસ કરેલ અને તપાસ નહિ કરેલ આવશ્યકતાનો (મટિરિઅલ) પોલિસની માલિકીમાં સમાવેશ થતો હોય, અને તેની આવશ્યકતા કે જે વધારે વાજબી તપાસની લાઈન દ્વારા મળી શકે તેમ હોય.

## જાહેર હિતનો તબકકો

4.9. દરેક કેસમાં કે જયાં પ્રોસિકયૂશનને સમર્થન કરે તેવો પૂરતો પુરાવો અથવા અદાલત બહાર નિકાલ કરનાર ઓફર હોય, જેથી પ્રોસિકયૂટર્સે અવશ્ય વિચારણા કરવાની રહે કે જાહેર હિતમાં પ્રોસિકયૂશનની જરૂર છે કે નહિ.

4.10. એવો કદી પણ નિયમ નથી કે એકવખત જયારે પુરાવાત્મક તબકકો સંતોષવામાં આવે ત્યારે આપોઆપ પ્રોસિકયૂશન થાય. ઘણુ કરીને પ્રોસિકયૂશન થાય છે સિવાયકે પ્રોસિકયૂટરને સંતોષ થાય કે જાહેર હિતના કારણો પ્રોસિકયૂશનની વિરુધ્ધમાં વલણ ધરાવે છે કે જે તરફેણ કરનારા કરતા વધારે હોય. થોડાક કિસ્સાઓમાં કદાચ પ્રોસિકયૂટર્સને સંતોષ થાય કે પ્રોસિકયૂશન લાવવા કરતાં ગુનેગારને અદાલત બહાર દ્વારા મેટર પ્રત્યે ધ્યાન આપવાની તક ઓફર કરવાથી જાહેર હિતની યોગ્ય રીતે સેવા થઈ શકે.

4.11. જયારે જાહેર હિતનો નિર્ણય કરવામાં આવે ત્યારે, પ્રોસિકયૂટર્સે ફકરા 4.14 a) to g) માં નીચે દર્શાવેલ દરેક પ્રશ્નોનો વિચાર કરવાનો રહે કે જેથી પ્રસ્તુત જાહેર હિતના કારણોને નિશ્ચિત કરી અને નકકી કરી શકાય કે જે પ્રોસિકયૂશનની તરફેણ અને વિરુધ્ધનું વલણ ધરાવતા હોય. આ કારણો સાથે, કોઈ પણ જાહેર હિતના કારણો ભેગામળી કે જે DPP દ્વારા ઈશ્યૂ કરેલ પ્રસ્તુત માર્ગદર્શન અથવા નીતિમાં દર્શાવેલ છે, કે જે પ્રોસિકયૂટર્સને જાહેર હિતની એકંદરે આકારણી કરવા સમર્થ બનાવે.

4.12. દરેક વિશિષ્ટ પ્રશ્નને સંબોધન કરી અને તે જાહેર હિતમાં પ્રોસિકયૂશનની તરફેણ કે વિરુધ્ધ છે કે નહિ તેવા કારણો નકકી કરવામાં નીચે જણાવેલ ખુલાસો કરતા દરેક વાક્યો (ટેક્સ્ટ) 4.14 a) to g) ફકરામાં દરેક પ્રશ્ન પ્રોસિકયૂટર્સને માર્ગદર્શન પૂરું પાડે છે. નિશ્ચિત કરેલ પ્રશ્નો સંપૂર્ણ નથી, અને દરેક કેસ માટે બધાજ પ્રશ્નો લાગતાવળગતા હોઈ ન શકે. દરેક પ્રશ્નો, અને નિશ્ચિત કરવામાં આવેલ કારણો સાથે, જોડાયેલ પુરાવો (વેટ) દરેક કેસની હકીકત અને યોગ્યતા માટે જુદા પણ હોઈ શકે.

4.13. એવુ તદ્દન શકય બની શકે કે કોઈ એક જાહેર હિત એકલુ કદાચ બીજા સંખ્યાબંધ કારણો કરતા પણ વધુ હોવાથી તે ઊલટા માર્ગદર્શનનું વલણ ધરાવે. જો કે વિશિષ્ટ કેસમાં જાહેર હિતના કારણો પ્રોસિકયૂશનની વિરુધ્ધનું વલણ ધરાવે, પણ પ્રોસિકયૂટર્સે તેમ છતાં પણ વિચારણા કરવી જોઈએ કે પ્રોસિકયૂશન આગળ વધે કે નહિ અને આવા કારણોને કોર્ટની વિચારણા માટે જયારે સજા પસાર કરવામાં આવે ત્યારે મૂકવા.

4.14. પ્રોસિકયૂટર્સે નીચેના દરેક પ્રશ્નોની વિચારણા કરવી જોઈએ

### a) ગુનો કેટલો ગંભીર બન્યો છે?

- જેટલો વધારે ગંભીર ગુનો, એટલે એવી વધારે સંભાવના કે પ્રોસિકયૂશનની જરૂર છે.
- જયારે ગુનાની ગંભીરતાની આકારણી કરતા હોય ત્યારે, પ્રોસિકયૂટર્સે તેઓની વિચારણામાં શંકાસ્પદની દોષપાત્રતા અને તેનાથી થતાં નુકસાનનો સમાવેશ કરવો જોઈએ, કે જે તેઓને પ્રશ્નો b) અને c) પૂછવાથી.

### b) શંકાસ્પદની દોષપાત્રતાની કક્ષા કઈ છે?

- શંકાસ્પદના દોષપાત્રતાની કક્ષા જેટલી વધારે હોય, તેટલીજ વધારે પ્રોસિકયૂશનની સંભાવનાની જરૂર રહે છે.
- દોષપાત્રતા નકકી થવાની સંભાવના દ્વારાઃ

  એક. શંકાસ્પદની સંડોવણીનો સ્તર;

  બે. ગુનો કેટલી હદે વિસ્તારપુર્વક અગાઉથી વિચારેલ અને/અથવા આયોજીત હતો;

  ત્રણ. શંકાસ્પદને આવા ફોજદારી આચરણના વિસ્તારથી જે હદે  ફાયદો મળ્યો હોય;

  ચાર. શંકાસ્પદ પાસે અગાઉ ફોજદારી ગુનાની સાબિતી અને/ અથવા કોર્ટ બહાર નિકાલ હોય કે નહિ અને જયારે જામીન ઉપર કોઈ ગુનો કર્યો હોય અથવા કોર્ટના આદેશની શરતે હોય;

  પાંચ. એવી કોઇ શક્યતા છે કે આ અપરાધ અથવા ચાલુ રહેવાનું, પુનરાવર્તન અથવા વધવાની શકયતા રહે છે કે નહિ;

  છ. શંકાસ્પદની ઉંમર - વય અને પરિપકવતા (જૂઓ ફકરો d નીચે).

- શંકાસ્પદની વધારે નીચા દોષપાત્રતાના કક્ષાની સંભાવના જો શંકાસ્પદની અનિવાર્યતા. જબરદસ્તી, અથવા શોષણ થતુ હોય, ખાસ કરીને જો તેઓ ગુનાના વિક્ટિમ હોય કે જેનું તેઓના ગુના સાથે જોડાણ હોય.

- પ્રોસિકયૂટર્સે ધ્યાનમાં રાખવું જોઈએ કે શંકાસ્પદ ગુનાના સમયે કોઈ મહત્વપૂર્ણ માનસિક અથવા શારીરિક નાદુરસ્તી (ઈલ હેલ્થ) અથવા ડિસબિલિટિની અસર હેઠળ છે, અથવા હતા કે નહિ, કારણકે અમુક સંજોગોમાં આનો કદાચ અર્થ થાય કે આવા પ્રોસિકથૂશનની શકયતાની ઓછી જરૂર છે. આમ છતાં પણ, પ્રોસિકયૂટર્સે ગુનો કેટલો ગંભીર હતો તેની, શંકાસ્પદ ફરીથી ગુનો કરે તેની શકયતા છે કે નહિ અને અને જેઓ આવી વ્યક્તિઓને અથવા લોકોને સંભાળ રાખનાર પૂરી પાડતા હોય તેઓને સુરક્ષિત રાખવાની વિચારણા કરવાની પણ જરૂર રહે.

### c) વિક્ટિમને થતાં નુકસાન- હાનિ અને સંજોગો કે પરિસ્થિતિ શું છે?

- વિક્ટિમની પરિસ્થિતિઓ કે સંજોગો ખૂબજ પ્રસ્તુત (રેલવન્ટ) હોય છે. વિક્ટિમની પરિસ્થિતિ જેટલી નિર્બળતા (વલ્નરેબલ) હોય, અથવા નિર્બળતાની માત્રાની  વધારે જાણ થાય તેટલી પ્રોસિકયૂશનની વધારે જરૂરિયાત રહે છે.

- જયા શંકાસ્પદ અને વિક્ટિમ વચ્ચેના વિશ્વાસની સ્થિતિ અથવા અધિકાર હોય તેનો આમાં સમાવેશ થાય છે.

- પ્રોસિક્યૂશનની વધારે સંભાવના રહે જો વિક્ટિમની વિરુધ્ધ ત્યારે કરવામાં આવ્યો હોય કે જયારે વ્યક્તિ તે સમયે લોકોને સેવા આપતા હોય.

- પ્રોસિક્યૂશનની સંભાવનાની વધારે જરૂર રહે જો વિક્ટિમની વિરુધ્ધના કોઈ પ્રકારના પૂર્વગ્રહ વાસ્તવિક અથવા માની લીધેલ એથનિક અથવા રાષ્ટ્રીય ઓરિજીન, જાતિ- લિંગ, ડિસબિલિટિ, ઉંમર, ધર્મ અથવા માન્યતા, જાતીય સંસ્કરણ અથવા જાતિની ઓળખ પ્રત્યે પ્રેરિત હોય; અથવા જો શંકાસ્પદને લક્ષ્ય બનાવ્યા હોય અથવા વિક્ટિમનું શોષણ થતુ હોય, અથવા વિક્ટિમ પ્રત્યે દુશ્મનાવટ પ્રદર્શિત કરવામાં આવતી હોય.

- પ્રોસિક્યૂટર્સે પણ વિચાર કરવાની જરૂર રહે જો પ્રોસિક્યૂશનથી વિક્ટિમના શારીરિક અથવા માનસિક આરોગ્ય ઉપર ખરાબ અસર થવાની શકયતા રહે, હંમેશા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી, વિશિષ્ટ પગલાઓની ઉપલબ્ધતા અને વિક્ટિમનો ભાગ લીધા વગર પ્રોસિક્યૂશનની શકયતા વિચારવી.

- થયેલ ગુના વિષે વિક્ટિમ દ્વારા દર્શાવેલ અસરના વિચારોને પણ પ્રોસિક્યૂટર્સે ધ્યાનમ લેવા જોઈએ. યોગ્ય કિસ્સાઓમાં, આમાં કદાચ વિક્ટિમના પરિવારના વિચારોનો પણ સમાવેશ થઈ શકે.

- આમ છતાં પણ, જે રીતે સોલિસિટર તેમના અસીલો માટે કાર્ય કરે છે તેવી રીતે CPS વિક્ટિમ અથવા તેમના પરિવાર માટે કાર્ય કરતુ નથી હોતુ, અને પ્રોસિક્યૂટર્સે જાહેર હિતના વિચારને ધ્યાન એકંદરે અવશ્ય આપવું જોઈએ.

### d) ગુનાના સમયે શંકાસ્પદની ઉંમર અને પરિપકવતા શું હતી?

- ફોજદારી ન્યાય પધ્ધતિ પુખ્ત વયનાઓ કરતા બાળકો અને યુવાનોને જુદી રીતે ગણે છે અને શંકાસ્પદની ઉંમર પ્રત્યે મહત્વપૂર્ણ ભાર મૂકે છે જો તેઓ બાળક અથવા18 ની નીચેના યુવાન વ્યક્તિ હોય.

- બાળક અથવા યુવાનના શ્રેષ્ઠ હિત અને કલ્યાણનો અવશ્ય વિચાર કરવો જોઈએ, કે જેમાં ગુના- અપરાધની ગંભીરતાની અસમાનતાનો તેઓની ભાવિ અપેક્ષા ઉપર ખરાબ અસર થવાની સંભાવના પ્રોસિક્યૂશન થઇ શકે કે નહિ.

- પ્રોસિક્યૂટર્સને અવશ્ય યૂથ જસ્ટિસ પધ્ધતિના મહત્વના લક્ષ્ય પ્રત્યે સંબંધ હોવો જોઈએ કે જે બાળકો અને યુવાનોના ગુના અટકાવવા માટે હોય છે. પ્રોસિક્યૂટર્સે અવશ્ય યુનાઈટેડ નેશન્સ 1989 કન્વેન્શન ઓન ધ રાઈટસ ઓફ ધ ચાઈલ્ડ હેઠળ ઉપસ્થિત થતી જવાબદારીઓ પ્રત્યે પણ ખ્યાલ રાખવો જોઈએ.

- પ્રોસિકયૂટર્સે શંકાસ્પદની પરિપકવતા, સાથોસાથ તેઓની કાલક્રમિક ઉંમરની વિચારણા કરવી જોઈએ, કારણકે યુવાન એડલ્ટસ તેઓની પચ્ચીસ વરસની ઉંમર સુધી પરિપકવતા કરવાનું ચાલુ રાખે છે.

- શરૂઆતના મુદ્દે, શંકાસ્પદ જેટલા યુવાન હોય, તેટલી પ્રોસિકયૂશન કરવાની ઓછી જરૂરિયાત રહે છે.

- આમ છતાં પણ, એવા સંજોગો હોઈ શકે કે જેનો અર્થ એવો થઈ શકે કે શંકાસ્પદ 18 ની નીચે હોય અથવા પરિપકવતાનો અભાવ હોય, છતાં પણ, જાહેર હિતમાં પ્રોસિકયૂશન રાખવામાં આવે છે. આમાં નીચે મુજબનો સમાવેસ થાય છેઃ

  એક. કરવામાં આવેલ ગુનો ગંભીર હોય;

  બે. શંકાસ્પદનો ભૂતકાળનો રેકર્ડ એવું બતાવે છે કે પ્રોસિકયૂશન માટે કોઈ અનુકૂળ વિકલ્પ નથી; અને

  ત્રણ. એડમિશનના અભાવનો અર્થ એવો થાય કે કોર્ટ બહાર કરવામાં આવતા નિકાલમાં જે ગુનાની વર્તણૂંકનું સંબોધન કદાચ મળી રહે તેમ નથી.

### e) કમ્યૂનિટિ ઉપર શું અસર થાય છે?

- સમાજ કે કમ્યૂનિટિમાં જેટલી વધારે અસર, તેટલીજ પ્રોસિકયૂશનની વધારે સંભાવના રહે છે.

- કમ્યૂનિટિમાં આવા ગુનાઓ જોવામાં આવતા હોવાથી કદાચ કમ્યૂનિટિને વિશિષ્ટ નુકસાન થવાથી, ગુના થવાની ગંભીરતામાં વધારો કરે.

- કોઈ સ્થળ દ્વારા મર્યાદિત હોય તેવી કમ્યૂનિટિનો અર્થ નથી, અને કદાચ અમુક લોકો લાક્ષણિકતા, અનુભવો અથવા પૂર્વભૂમિકા શેર કરનારા લોકોનો સમૂહ હોય કે જેમાં ઓકયુપેશનલ ગ્રૂપનો સમાવેશ થાય.

- કમ્યૂનિટિ ઈમ્પેકટ સ્ટેટમેન્ટ દ્વારા કમ્યૂનિટિ ઉપર થતી અસરની માહિતી મળી શકે.

### f) શું પ્રોસિકયૂશનનો પ્રતિભાવ પ્રમાણસર હોય છે?

- પ્રોસિકયૂશનનો સંભવિત પ્રમાણસર પરિણામનો વિચાર કરતા, કદાચ નીચેની બાબતો સુસંગત હોઈ શકેઃ

  એક. CPS અને વિશાળ ફોજદારી ન્યાય સિસ્ટિમને થતાં ખર્ચ, ખાસ કરીને કે જયાં કોઈ પણ સંભવિત સજાની સામે જયારે મૂલ્ય કરવાથી તે કદાચ વધારે હોઈ શકે. ફકત આ એકલા કારણના આધારે પ્રોસિકયૂટર્સે જાહેર હિતનો નિર્ણય કરવો જોઈએ નહિ. ફકરા 4.14 a) to g), b માં રહેલ બીજા પ્રશ્નોનો વિચાર કરતા નિશ્ચિત કરવામાં આવતા જાહેર

હિતના ઘટકો પ્રત્યે આપવામાં આવતો સંબંધ મહત્વનો છે, પણ જાહેર હિતની એકંદરે આકારણી કરતા ખર્ચ કોઈ સુંસગત કારણ હોઈ શકે.

બે. અસરકારક કેસ મેનેજમેન્ટના સિધ્ધાંતો મૂજબ કેસનું પ્રોસિકયૂશન કરવું જોઈએ. દા.ત. બહુવિધ શંકાસ્પદ સમાયેલ કેસમાં વધારે પડતી લાંબી અને ગુંચવણવાળી કાર્યવાહી ટાળવા માટે મુખ્ય ભાગ લેનારા માટે જ પ્રસિક્યુશન રાખવામાં આવે..

## g) શું માહિતીના સ્ત્રોતોનું સંરક્ષણ જરૂરી છે?

- એવા કિસ્સાઓમાં કે જયાં જાહેર હિતની ઇમ્યુનિટી એટલે કે કેસની વિગતો છતી કરવી ના પડે તેવું લાગુ પડે નહિ ત્યાં, પ્રોસિકયૂશનમાં આગળ વધતા વિશિષ્ટ કેર લેવી જોઈએ કે જયાં વિગતોને જાહેર કરવાથી માહિતીના સ્ત્રોતો, ચાલુ તપાસ, આંતરરાષ્ટ્રીય સંબંધો અથવા રાષ્ટ્રીય સલામતીને કદાચ નુકસાન થઈ શકે. એ અગત્યનું છે કે આવા કેસીસ ચાલુ સમીક્ષા હેઠળ રાખવા જોઈએ.

## ધ થ્રેશોલ્ડ ટેસ્ટ

5.1. જ્યાં ફૂલ કોડ ટેસ્ટ સંતોષી ન શકાય તેવા મર્યાદિત સંજોગોમાં, શંકાસ્પદને ચાર્જ કરવા થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય. કેસની ગંભીરતા અથવા સંજોગોને તાત્કાલિક ચાર્જ કરવાના નિર્ણય સાથે અવશ્ય સમર્થન કરવું જોઈએ, અને બેલનો વિરોધ કરવા માટે મહત્વપૂર્ણ કારણો હોવા જોઈએ.

5.2. થ્રેશોલ્ડ ટેસ્ટની પાંચ શરતોની અવશ્ય સખત તપાસ કરી ખાતરી કરવી જોઈએ, કે જ્યાં જરૂર પડે ત્યાંજ તે લાગુ પાડવામાં આવે છે, અને કેસને સમય પૂર્વે ચાર્જ કરવામાં આવતા નથી. થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પડતા પહેલા બધી પાંચ શરતો અવશ્ય સંતોષવી જોઈએ. જ્યાં કોઈ શરતો સંતોષવામાં આવે નહિ ત્યાં બીજી શરતોની વિચારણા કરવાની જરૂર નથી કારણકે થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી ન શકાય અને શંકાસપદને ચાર્જ કરી ન શકાય.

### પહેલી શરત- શંકા રાખવા માટે વાજબી કારણો હોવા જોઈએ કે ચાર્જ કરવામાં આવતા શંકાસ્પદે ગુનો કર્યો છે.

5.3. પુરાવા લક્ષિત આકારણી સાથે, પ્રોસિક્યૂટર્સને અવશ્ય સંતોષ થવો જોઈએ, કે ગુનો કરેલ વ્યક્તિને ચાર્જ કરવા માટે શંકા રાખવા માટે પુરાવાના વાજબી કારણો છે. આવી આકારણીમાં અવશ્ય કોઈ પણ બચાવના  અસરની અથવા શંકાસ્પદે આપેલ માહિતીની વિચારણા કરવી જોઈએ કે જે તેઓ રજૂ કરી કદાચ આધાર રાખતા હોય.

5.4. શંકા રાખવા માટે વાજબી કારણો હોય છે તે નકકી કરતા, પ્રોસિક્યૂટર્સે અવશ્ય બધીજ વાસ્તવિકતા અથવા મળી રહેતી માહિતીની વિચારણા કરવી જોઈએ, પછી ભલે તે પુરાવાત્મક રચનામાં અથવા બીજી રીતે હોય. પ્રોસિક્યૂટર્સને અવશ્ય સંતોષ થવો જોઈએ કે આ તબકકે આધાર રાખવામાં આવતી વાસ્તવિકતા ક્ષમતાવાળી છેઃ

- અદાલતમાં રજૂ કરવા માટે સ્વીકારી શકાય તેવી રચનામાં મૂકો;
- વિશ્વાસપાત્ર; અને
- માની શકાય તેવી હોય.

### દ્વિતીય કે બીજી શરત - ગુના સાબિતીની વાસ્તવિક અપેક્ષા પૂરી પાડવા વધારે પુરાવો મેળવવો.

5.5. પ્રોસિક્યૂટર્સને અવશ્ય સંતોષ થવો જોઈએ કે વાજબી સમય- ગાળામાં ચાલુ તપાસ વધારે પુરાવો પાડશે, કે જે માનવા માટે વાજબી કારણો છે, જેથી કરીને જ્યારે બધાજ પુરાવાની ભેગી વિચારણા કરવામાં આવે કે જેમાં એવી વાસ્તવિકતા કે સામગ્રી હોય કે જે વિશિષ્ટ શંકાસ્પદ વ્યક્તિ પ્રત્યેની સાથોસાથ તેનાથી દૂર પોઈન્ટ કરે. તે ફૂલ કોડ ટેસ્ટ મૂજબ ગુના સાબિતીની વાસ્તવિક અપેક્ષા સાબિત કરવા સમર્થ હોય.

5.6. વધારે સંભવિત પુરાવો અવશ્ય નિશ્ચિત કરી શકાય અને નહિકે કેવળ અનુમાન.

5.7. આવો નિર્ણય કરતા પ્રોસિકયૂટર્સ અવશ્ય વિચારણા કરેઃ

- કોઈ પણ સંભવિત વધારે પુરાવાની અને તેની કેસ ઉપર થતી અસરના વિસ્તારનો પ્રકાર, અને સ્વીકાર્યતા.
- ચાર્જીસ કે જે બધોજ પુરાવો સપોર્ટ કરશે;
- શા માટે પહેલેથી પુરાવો મળી રહેતો નથી તેના કારણો;
- વધારે પુરાવો મેળવવા માટે સમયની જરૂરિયાત, કે જેમાં મળી રહેલ કોઈ અટકાયતના સમય ગાળામાં તે મેળવી શકાય કે નહિ તેનો સમાવેશ; અને
- બધાજ સંજોગોમાં ફૂલ કોડ ટેસ્ટ માટે લાગુ પાડવા વિલંબ વાજબી છે કે નહિ.

ત્રીજી શરત - કેસના સંજોગો અથવા ગંભીરતા તાત્કાલિક ચાર્જીંગ કરવાનો નિર્ણય સમર્થન કરતા હોય.

5.8. કેસના સંજોગો અને ગંભીરતાની આકારણી કહેવાતા ગુનાના સંબંધમાં હોવી જોઈએ અને બેલ માન્ય કરવાથી ઉપસ્થિત થતા જોખમના લેવલ સાથે જોડાયેલ હોવા જોઈએ.

ચોથી શરત - 1976 ની બેલ એકટ મૂજબ બેલનો વિરોધ કરવા માટે ચાલુ મહત્વપૂર્ણ કારણો છે અને કેસના બધાજ સંજોગોમાં તેમ કરવું યોગ્ય છે.

5.9. આવી નિર્ધાર યોગ્ય જોખમની આકારણીના આધારે અવશ્ય હોવી જોઈએ કે જે એવુ બતાવે કે શંકાસ્પદ બેલ માટે મહત્વપૂર્ણ શરતો સાથે પણ, અનુકૂળ નથી. દા.ત., ભયાનક શંકાસ્પદ કે જે કોઈ વિશિષ્ટ વ્યક્તિ અથવા પબ્લિક માટે જોખમરૂપ હોય અથવા શંકાસ્પદ વ્યક્તિ કે જે સાક્ષીઓ સાથે દરમિયાનગીરી કરવામાં અથવા નાસી જવાનો ભય હોય. પ્રોસિકયૂટર્સે સંભાળપૂર્વક તપાસ અથવા કોઈ સમર્થન અથવા સપોર્ટ વગરના દાવાનો સ્વીકાર કરવો નહિ કે જે જોખમ વિષે હશે જો બેલ ઉપર મુકત કરવાના હોય.

પાંચમી શરત- શંકાસ્પદને ચાર્જ કરવાનું જાહેર હિતમાં છે

5.10. તે સમયે મળી રહેલ માહિતીના આધારે ફૂલ કોડ ટેસ્ટના જાહેર હિતના તબકકે પ્રોસિકયૂટર્સે અવશ્ય તે લાગુ પાડવા જોઈએ.

## થ્રેશોલ્ડ ટેસ્ટની સમીક્ષા

5.11. થ્રેશોલ્ડ ટેસ્ટ હેઠળ ચાર્જ કરવાનો નિર્ણય અવશ્ય સમીક્ષા (રિવ્યૂ) હેઠળ રાખવો જોઈએ. નકકી કરેલ સમયપત્રક મૂજબ બીજી વાસ્તવિકતા અથવા પોલિસ તરફથી નિશ્ચિત કરવામાં આવેલ બાકી રહેલ પુરાવો અગ્રલક્ષીપૂર્વક પ્રોસિકયૂટરે પ્રાપ્ત કરવો જોઈએ. આવા પુરાવાની નિયમિત આકારણી

કરી ખાતરી કરવી કે ચાર્જ હજી પણ યોગ્ય છે અને બેલ માટે ચાલુ વિરોધ ન્યાયી છે. જેટલી જલદીથી વધારે અપેક્ષિત વધારે પુરાવો અથવા વાસ્તવિકતા મળતા, ફૂલ કોડ ટેસ્ટને અવશ્ય લાગુ પાડી અને ક્રાઉન કોર્ટ કેસીસમાં, કોઈ પણ પ્રસંગમાં, ઘણુ કરીને પ્રોસિક્યૂશનની વિધિસર (ફોર્મલ) સર્વિસ પહેલા હશે.

# ચાર્જીસની પસંદગી

6.1. પ્રોસિકયૂટર્સે ચાર્જીસની પસંદગી કરવી જોઈએ કે જે:

- ગુનાની મર્યાદા અને ગંભીરતાનું પ્રતિબિંબ પાડતુ હોય;
- સજા માટે કોર્ટને પૂરી સત્તાઓ આપી અને ગુનાની સાબિતી પશ્ચાત યોગ્ય આદેશો લાદો;
- જયાં પ્રતિવાદીને ફોજદારી આચરણથી લાભ થયો હોય, ત્યાં યોગ્ય કેસીસમાં જપતી માટે આદેશ- હુકમ કરવાની પરવાનગી આપો; અને
- કેસની રજૂઆત સ્પષ્ટ અને સરળ રીતે કરવામાં સમર્થન આપો.

6.2. આનો અર્થ એવો થાય કે જયાં પસંદગી કરવાની હોય ત્યાં પ્રોસિકયૂટર્સે હંમેશા સૌથી ગંભીર અથવા ચાલુ ચાર્જની પસંદગી ન કરે અને ઓછા ચાર્જની પસંદગી દ્વારા ન્યાયનુ હિત સંતોષવામાં આવે છે.

6.3. જરૂર કરતાં વધારે ચાર્જ સાથે પ્રોસિકયૂટર્સે કદી પણ આગળ વધવું નહિ કે જે કેવળ ખૂબજ થોડાક માટે પ્રતિવાદીને અપરાધનો સ્વીકાર કરવા ઉત્તેજીત કરે. તેવીજ રીતે, તેઓએ કદી પણ વધારે ગંભીર ચાર્જ સાથે આગળ વધવું નહિ કે જે કેવળ પ્રતિવાદીને ઓછા ગંભીર ચાર્જ માટે અપરાધનો સ્વીકાર કરવા ઉત્તેજીત કરે.

6.4. પ્રોસિકયૂટર્સે કેવળ ચાર્જમાં ફેરફાર કરવો નહિ કારણકે કેસની કયાં સુનાવણી કરવામાં આવશે તે વિષે પ્રતિવાદીએ અથવા કોર્ટ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હોય.

6.5. ચાર્જ પછી કેસની પ્રગતિ થતા સંજોગોમાં થતાં સુંસગત ફેરફારનો પ્રોસિકયૂટર્સે અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ.

# કોર્ટની બહાર નિકાલ

7.1. પ્રોસિકયૂશનના બદલે કોર્ટ બહાર નિકાલ થઈ શકે જો તે ગુનેગાર માટે યોગ્ય પ્રતિભાવ કે જવાબ હોય અને/ અથવા ગુનો કરવાની ગંભીરતા અને પરિણામો હોય.

7.2. કોર્ટ બહાર નિકાલ કરવાની અધિકૃતા અથવા સલાહ માટે જયારે પ્રોસિકયૂટર્સને સુંસગત માર્ગદર્શન અનુસરવાનું કહેવામાં આવે ત્યારે તેઓ કોઈ પણ પ્રોસિડિંગ્સના નિયમાનુસાર હોય, અથવા દિવાની (સિવિલ) પેનલ્ટિ, અથવા બીજા નિકાલનો સમાવેશ હોય. તેઓએ ખાતરી કરવી જોઈએ કે ઉચિત પુરાવાત્મક ધોરણનું વિશિષ્ટ કોર્ટમાં બહારના નિકાલને સંતોષવામાં આવે કે જેમાં સમાવેશ હોય, કે જયાં ગુનાનો સ્પષ્ટ સ્વીકર, અને આવા નિકાલ દ્વારા જાહેર હિતની યોગ્ય  રીતે બજવણી થાય છે.

# કોર્ટનું સ્થળ

8.1. જયારે મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂઆત કરે ત્યારે પ્રોસિકયૂટર્સે અવશ્ય સજા અને ફાળવણીના માર્ગદર્શન પ્રત્યે ધ્યાન આપવું જોઈએ કે જયાં પ્રતિવાદી વિષે મુકદમો કરવામાં આવે.

8.2. મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસને રાખવા વિનંતી કરવા માટે ગતિ કદી પણ એકજ કેવળ કારણ અવશ્ય ન હોય. જો કેસને ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે તો, પ્રોસિકયૂટર્સે સંભવિત વિલંબની વિચારણા કરવી જોઈએ કે જેમાં વિક્ટિમ (ભોગ બનેલ) અથવા સાક્ષી ઉપર સંભવિત અસરનો સમાવેશ હોય.

8.3. પ્રોસિકયૂટર્સે ખ્યાલમાં રાખવું જોઈએ કે જો જપતી માટેની કાર્યવાહીની આવશ્યકતા રહે, તો તે ફકત કદાચ ક્રાઉન કોર્ટમાં થાય. સમરિ (સંક્ષિપ્ત) કાર્યવાહી જયાં યોગ્ય જણાય તે હેતુ- ઉદ્દેશ માટે, કરવામાં આવી શકે.

## બાળકો અને યુવાન લોકોના સમાવિષ્ટપણાના કેસનું અદાલતી કાર્યવાહીનું સ્થળ

8.4. પ્રોસિકયૂટર્સે અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ કે જયાં શકય હોય ત્યાં યુવાન લોકો (18 વર્ષની નીચેનાનો) યૂથ કોર્ટમાં મુકદમો ચલાવવો જોઈએ. તે કોર્ટ છે કે જે તેઓની વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવા માટે ડિઝાઈન કરેલ છે. ક્રાઉન કોર્ટમાં બાળક અથવા યુવાન વ્યક્તિની ઈન્સાફી કાર્યવાહી ખૂબજ ગંભીર કેસીસ અથવા જયાં ન્યાયના હિતમાં આવા બાળક અથવા યુવાન વ્યક્તિની સંયુકત રીતે કોઈ પુખ્ત વયનાની સાથે મુકદમો ચલાવવાની જરૂર હોય તે માટે અલગ રાખવી જોઈએ.

## અપરાધના સ્વીકારનું કથન

9.1. પ્રતિવાદીને કદાચ બધાજ નહિ, પણ થોડાક ચાર્જીસ માટે અપરાધનો સ્વીકાર, કરવાની ઈચ્છા હોય. વિકલ્પમાં, તેઓને કદાચ જુદા, શકય છે કે થોડાક ગંભીર, ચાર્જ માટે અપરાધનો સ્વીકાર કરવાની ઈચ્છા હોય કારણકે તેઓ ફકત ગુનાના ભાગ- અંશનો સ્વીકાર કરે છે.

9.2. પ્રોસિકયૂટર્સે ફકત પ્રતિવાદીઓના કથનનો (પ્લી) સ્વીકાર કરવો જોઈએ જોઃ

- કોર્ટ એવી સજા પસાર કરી શકે તેમ હોય કે જે અપરાધની ગંભીરતા સાથે અનુકૂળ થતી હોય, ખાસ કરીને જયાં ઉગ્ર બનાવાના લક્ષણો હોય;
- યોગ્ય કેસીસમાં તે કોર્ટને જપતી કરવાનો આદેશ- હુકમ આપી શકે તેમ હોય, કે જયાં પ્રતિવાદીને ફોજદારી આચરણથી લાભ થયો હોય; અને
- તે કોર્ટને બીજા ગૌણ (એન્સિલરિ) આદેશ લાદવા સાથે પૂરતી સત્તા પૂરી પાડતી હોય, કે જે આવા થોડાક ગુનાઓમાં થઈ શકે પણ બીજાઓ સાથે નહિ તેનો ખ્યાલ રાખવો જોઈએ.

9.3. જયારે કથન- દલીલની વિચારણા કરવામાં આવતી હોય ત્યારે ખાસ સંભાળ (કેર) અવશ્ય લેવી જોઈએ કે જે પ્રતિવાદીને આદેશાત્મક (મેન્ડટરિ) અલ્પતમ (મિનિમમ) સજા લાદવાનું ટાળતી હોય.

9.4. પ્રોસિકયૂટર્સે અવશ્ય અપરાધના કથન- દલીલનો કદી પણ સ્વીકાર કરવો જોઈએ નહિ કારણકે તે સગવડતાભરેલ હોય.

9.5. ઓફર કરવામાં આવતી દલીલના સ્વીકારની વિચારણા કરવી કે નહિ તે વખતે, જયાં શકય હોય ત્યાં, ખાતરી કરવી જોઈએ કે વિક્ટિમના વિચારો અથવા યોગ્ય કેસીસમાં વિક્ટિમના પરિવારના દ્રષ્ટિબંદુઓને, ખ્યાલમાં રાખવામાં આવે છે જયારે આવી દલીલનો સ્વીકાર કરવાનું જાહેર હિતમાં છે કે નહિ તેનો નિર્ણય કરતા. આમ છતાં પણ, નિર્ણય પ્રોસિકયૂટરના હાથમાં હોય છે.

9.6. કોર્ટને તે અવશ્ય સ્પષ્ટ કરવું જોઈએ કે કયા મુખ્ય આધાર કે સિધ્ધાંતે કોઈ પણ દલીલ આગળ વધવામાં અને સ્વીકારીય છે. એવા કેસીસ કે કિસ્સાઓમાં કે જયાં પ્રતિવાદી અપરાધની દલીલોના ચાર્જીસનો સ્વીકાર કરતા હોય પણ પ્રોસિકયૂશન કેસ કરતા જુદી હકીકતોને લઈને, અને જયાં આવી સજાને મહત્વપૂર્ણરીતે અસર કરી શકે તેમ હોય, ત્યાં કોર્ટને પુરાવો સાંભળવાનું કહેવામાં આવે કે જેથી કરીને શું થયુ હોય તે નકકી કરી, અને ત્યારબાદ તે આધાર ઉપર સજા કરવામાં આવે.

9.7. જયાં પ્રતિવાદીએ અગાઉ નિશ્ચિત કર્યુ હોય કે સજા કરતી વખતે આવા ગુનાની વિચારણા કરવાની તેઓ કોર્ટને વિનંતી કરશે, પણ ત્યારબાદ કોર્ટમાં ગુનો કબૂલ કરવાની ના પાડે, તો પ્રોસિકયૂટર્સે વિચારણા કરવી જોઈએ કે આવા ગુના માટે પ્રોસિકયૂશની જરૂરિયાત છે કે નહિ. પ્રોસિકયૂટર્સે પ્રતિવાદીના વકીલને અને કોર્ટ- અદાલતને ખુલાસો કરવો જોઈએ કે આવા અપરાધના

પ્રોસિક્યૂશન માટે પોલિસ અથવા જ્યાં શક્ય હોય ત્યાં બીજા તપાસ કરનારાઓ સાથે વધારે સમીક્ષા કરવાની અને સલાહમંત્રણાની શરતે હશે.

# પ્રોસિકયૂશનના નિર્ણયની ફેરવિચારણા

10.1. લોકોએ CPS દ્વારા લેવાયેલ નિર્ણયો ઉપર ભરોસો રાખી  શકવો જોઈએ. સામાન્યરીતે, જો CPS શંકાસ્પદ વ્યક્તિ અથવા પ્રતિવાદીને પ્રોસિકયૂશન નથી થવાનું, અથવા પ્રોસિકયૂશન બંધ રહયું છે, તેમ કહે ત્યારે કેસ ફરીથી શરૂ થશે નહિ. પણ પ્રસંગોવાર એવા કેસીસ હોય છે કે જયારે CPS પ્રોસિકયૂટ નહિ કરવાનો અથવા અદાલત- કોર્ટ બહાર નિકાલ કરવાના માર્ગ દ્વારા ધ્યાન આપી આવો નિર્ણય ઉથલાવે અથવા ખાસ કરીને જો કેસ ગંભીર હોય ત્યારે, પ્રોસિકયૂશન ફરીથી તે શરૂ કરે.

10.2. આવા કેસીસમાં સમાવેશ છેઃ

- એવા કેસીસમાં કે જયાં અસલ (ઓરિજીનલ) નિર્ણયમાં વધારે સમીક્ષા એવુ બતાવતી હોય કે તે ખોટૂ હતું અને, ફોજદારી ન્યાયપધ્ધતિમાં વિશ્વાસ જાળવી રાખવા માટે, અગાઉનો નિર્ણય કર્યો હોવા છતાં પણ પ્રોસિકયૂશન લાવવું જોઈએ;
- જે કેસીસ બંધ કરવામાં આવ્યા હોય જેથી વધારે અપેક્ષિત પુરાવો, કે જે કેટલેક અંશે નજીકના ભવિષ્યમાં મળી રહેવાની સંભાવના હોય, તો તે ભેગુ કરી અને તૈયાર કરી શકાય. આવા કેસીસમાં, પ્રોસિકયૂટર પ્રતિવાદીને જણાવશે કે પ્રોસિકયૂશન ફરીથી શરૂ થશે;
- એવા કેસીસ કે જેને પ્રોસિકયૂટ નહિ કરવામાં આવેલ હોય અથવા પુરાવાના અભાવે બંધ કરેલ હોય પણ જયાં વધારે મહત્વપૂર્ણ પુરાવો મોડેથી જાણવામાં આવેલ હોય; અને
- મૃત્યુ સમાવિષ્ટ થતા કેસ કે જેમાંથી મૃત્યુવિષયક તપાસને અનુસરીને કરવામાં આવતી તારવણી એવુ સમાપન કરતી હોય કે અગાઉ પ્રોસિકયૂટ નહિ કરવાનો નિર્ણય કર્યો હોવા છતાં પણ પ્રોસિકયૂશન લાવવું જોઈએ.

10.3. વિક્ટિમ્સ રાઈટ ટૂ રિવ્યૂ સ્કીમ હેઠળ, વિક્ટિમ્સ કદાચ અમુક CPSના નિર્ણયનો રિવ્યૂ કે જેમાં પ્રોસિકયૂશન નહિ શરૂ કરવાનો અથવા પ્રોસિકયૂશન બંધ કરવા માટે પ્રયત્ન કરે.

## વૈકલ્પિક રચનાઓ

આ પ્રકાશન વેલ્શ ભાષામાં અને ઈઝી રીડ (સહેલાઈથી વાંચી શકાય) વૃતાંતમાં મળી રહેશેઃ www.cps.gov.uk. વૈકલ્પિક રચનામાં CPS પ્રકાશનની સુગમતા સાધવાની માહિતી માટે, કૃપા કરી સંપર્ક કરોઃ

enquiries@cps.gov.uk

## ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ વિષે

ઈંગ્લેન્ડ અને વેલ્સની ક્રિમિનલ કોર્ટમાં- અદાલતોમાં સુનાવણી કરવામાં આવતા મોટા ભાગના કેસીસના પ્રોસિક્યૂશન માટે CPS જવાબદાર છે. ડિરેકટર ઓફ પબ્લિક પ્રોસિક્યૂશનના નેતૃત્વથી પોલિસ અને બીજી એજન્સિઓ દ્વારા તપાસવામાં આવતા ફોજદારી કેસીસ ઉપર નિષ્પક્ષરીતે કાર્ય કરે છે. વધારે ગંભીર અથવા ગૂંચવણવાળા કેસીસમાં CPS યોગ્ય ચાર્જ નકકી કરવા માટે જવાબદાર છે અને ભોગ બનેલાઓને અને સાક્ષીઓને માહિતી, સહાય અને સપોર્ટ (ટેકો- આધાર) પૂરો પાડે છે.

cps.gov.uk

@cpsuk

ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટે કોડ

8મી આવૃતિ, ઓકટોબર 2018

© ક્રાઉન કોપીરાઈટ